# મોડાસાના કોંગ્રેસના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ઠાકોરે જંગી રેલી સાથે વાજતે ગાજતે ઉમેદવારી ફોર્મ ભર્યું




મોડાસા, તા. ૧૬

વિધાનસભાની ચૂંટણી માટે મોડાસા-ધનસુરા વિધાનસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર અને છેલ્લી બે ટર્મથી કોંગ્રેસનો દબદબા ભર્યા વિજય યથાવત રાખનાર રાજેન્દ્રસિંહ ઠાકોરે તેમના નિવાસ સ્થાને થી વાજતે ગાજતે શક્તિપ્રદર્શન સાથે ઐતિહાસિક રેલી યોજી કલેક્ટર કચેરીએ ઉમેદવારી ફોર્મ ભર્યું હતું રાજેન્દ્રસિંહ ઠાકોરની રેલીમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરો ઉમટી પડ્યા હતા રાજેન્દ્રસિંહ ઠાકોરે હેટ્રીક નોંધાવવાનો હુંકાર કર્યો હતો.

મોડાસા-ધનસુરા વિધાનસભા બેઠક પર કોંગ્રેસે બે ટર્મથી ભાજપને પરાસ્ત કરનાર રાજેન્દ્રસિંહ ઠાકોરને મેન્ડેડ આપતા કોંગ્રેસના કાર્યકરોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે બુધવારે ઉમેદવારી પત્ર ભરવા માટે ઓધારી મંદિર નજીક તેમના નિવાસ્થાનેથી પદયાત્રા અને કાર રેલી સાથે ઉમેદવારી ફોર્મ ભરવાનું નક્કી થતા મોટી સંખ્યામાં સવારથી જ તેમના ઘરે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા અને અભિનંદન પાઠવવા આવેલ કાર્યકરો અને કોંગ્રેસના અગ્રણીઓની આગેવાની હેઠળ વાજતે-ગાજતે ઐતિહાસિક રેલી યોજી શક્તિ પ્રદર્શન કરી જિલ્લા સેવા સદન ખાતે કલેકટર કચેરીએ ઉમેદવારી ફોર્મ ભર્યું હતું રેલી માં ઉમટેલા પ્રજાજનો નો આભાર માની રાજેન્દ્ર સિંહ ઠાકોરે ચૂંટણી માં જંગી બહુમતી થી જીતવાનો વિશ્વાસ વ્યક્ત કરી મનદુઃખ ભૂલી ચૂંટણીની મહેનતમાં લાગી જવા જણાવ્યું હતું

# પ્રાંતિજ વિધાનસભા બેઠક માટે કોંગ્રેસ દ્વારા ઉમેદવાર જાહેર ન કરાતાં માહોલ ગરમાયો

તલોદ તા,૧૬

પ્રાંતિજ વિધાનસભા બેઠક માટે ત્રિપાંખિયો જંગ જામશે એ નિશ્ચિત મનાય છે આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરિકે અલ્પેશ પટેલ ને જાહેર કર્યા છે તો ભારતીય જનતા પાર્ટી ના ઉમેદવાર તરીકે વર્તમાન ધારાસભ્ય અને મંત્રી શ્રી ગજેન્દ્ર સિંહ પરમાર ને પુનઃ પસંદગી કરવામાં આવી છે જેઓએ ઉમેદવારી ફોર્મ ભરી દીધુ છે આમ આદમી પાર્ટીના ઉમેદવાર પણ ફોર્મ ભરી દીધુ છે આવતીકાલે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ હોવા છતાં જૂથબંધી થી પીડિત કોન્ગ્રેસ હજુ સુધી ઉમેદવાર જાહેર કરી શકી નથી બીજી તરફ તાલુકા કોંગ્રેસ ના પ્રમુખ ની પ્રાંતિજ વિધાનસભા બેઠક માટે કોંગ્રેસ ની ટિકીટ ફાળવવા માટે પાંચ કરોડ રૂપિયા માગતી કથિત ઓડિયો સોશ્યલ મીડિયા માં ફરતો થતાં રાજકીય વાતાવરણ ગરમાયું છે.

કોંગ્રેસ પક્ષના પ્રાંતિજ વિધાનસભા બેઠક માટે સ્થાનિક ઉમેદવાર તરીકે તલોદ નગરપાલિકા ના પૂર્વ પ્રમુખ રંગુસિંહ સોલંકી, જિલ્લા પંચાયત ના વિરોધ પક્ષ ના નેતા પ્રભાતસિંહ સોલંકી, તાલુકા પંચાયત ના પુર્વ પ્રમુખ સંજજન સિહ ઝાલા માંથી કોઈ એક પર પસંદગી ઉતારવામાં આવે એવી સંભાવના છે બીજી તરફ પુર્વ મુખ્યમંત્રી શંકસિંહ વાઘેલા ના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા ની પસંદગી થશે એવી ચર્ચા એ પણ જોર પકડ્યું છે જે હૉય એ પણ વર્તમાન ધારાસભ્ય ગજેન્દ્ર સિંહ પરમાર ની પુનઃ પસંદગી થતાં કોન્ગ્રેસ માટે ઉમેદવાર ની પસંદગી માટે માથાનો દુખાવા સમાન બની ગયો છે જોકે સ્થાનિક ઉમેદવાર સિવાય બહાર ના ઉમેદવાર ને પ્રાંતિજ બેઠક માટે પસંદગી કરવામાં આવશે તો જૂથબંધી અને અસંતોષ ની આગ ભભુકી ઉઠી શકે છે

# પાલનપુરમાં ભાજપના યુવા મોરચા દ્વારા ભવ્ય બાઈક રેલી

## શહેરના જાહેર માર્ગો ઉપર નગરજનો દ્વારા પુષ્પ વર્ષા કરાઈ




પાલનપુર તા.૧૬

પાલનપુરમાં ભાજપના ઉમેદવાર અનિકેત ઠાકરના સમર્થનમાં યુવા મોરચાએ બાઈક રેલી યોજી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાજપ યુવા મોરચાના કાર્યકરો જોડાયા હતા. બનાસકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ ગુમાનસિંહ ચૌહાણ સાથે શહેર ભાજપ અને યુવા મોરચાના કાર્યકર્તાઓની વિશાળ રેલીમાં અસંખ્ય કાર્યકર્તાઓ જોડાયા હતા.

શહેરના તમામ જાહેર સર્કલો અને જાહેર માર્ગો ઉપર રેલી ઉપર ઠેર ઠેર પુષ્પ વર્ષા કરી સ્વાગત કરાયું હતું. એક નવા જ ચહેરા ને ભારતીય જનતા પાર્ટી દ્વારા પાલનપુર વિધાનસભાની ઉમેદવારી કરાવી લાખો કાર્યકર્તાઓનું મનોબળ મજબૂત બનાવ્યું છે. કેમ શહેર અને તાલુકાના અને કાર્યકર્તાઓના જોમ અને જુસ્સાથી સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. કેમ પાલનપુર શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ જીગર માળીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું.

પાલનપુર વિધાનસભા સીટ પર ભાજપ ના ઉમેદવાર તરીકે અનિકેત ઠાકરને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. ત્યારે તેઓના ચૂંટણી પ્રચાર અર્થે પાલનપુર શહેર યુવા ભાજપ દ્વારા બાઈક રેલી યોજાઈ હતી. શહેરના વૉર્ડ. નં.૧૦ રામનગર ચોકથી નીકળેલી બાઈક રેલી શહેરભરમાંથી પસાર થઈ હતી. જે બેચરપુરામાં પૂર્ણ થઈ હતી.

# અરવલ્લીની ત્રણેય બેઠક પર કોંગ્રેસ, પણ ગુજરાતમાં ૨૭ વર્ષથી ભાજપનું શાસન.... તો યુનિવર્સિટી કોણે અને કેમ ન આપી..?

મોડાસા,તા. ૧૬

૨૭ વર્ષના શાસનમાં અરવલ્લીને યુનિવર્સિટી નથી મળી.. પણ હવે ઉમેદવારો યુનિવર્સિટીના નામે માંગશે મત.. ત્રણેય બેઠક પર કોંગ્રેસનો કબજો



અરવલ્લી જિલ્લાની રચના થયાને ૯ વર્ષ જેટલો સમય વીતી ગયો તો બીજી બાજુ ગુજરાતમાં ૨૭ વર્ષના ભાજપના શાસનમાં જિલ્લાને હજુ સુધી યુનિવર્સિટી નથી મળી ત્યારે આ વખતની ચૂંટણીમાં યુનિવર્સિટી મુદ્દો ચર્ચામાં ચાલી રહ્યો છે. ભાજપના સાંસદે મ.લા.ગાંધી કેળવણી મંડળના પ્રમુખે જાહેર મંચ પરથી યુનિવર્સિટીની માંગ કરી હતી, તેમ છતાં હજુ સુધી કાંઈ થઈ શકયું નથી ત્યારે હવે કોંગ્રેસ, આપ અને અપક્ષના ઉમેદવારો પણ હવે યુનિવર્સિટી માટે કામ કરશે તેવા વાયદાઓ કરે છે.

કેમ થઇ રહી છે અરવલ્લી જિલ્લામાં યુનિવર્સિટીની માંગ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાની ૧૦૦ થી વધારે કોલેજના વિદ્યાર્થીઓને ૧૫૦ થી ૨૦૦ કિ.મી.નું અંતર કાપીને નાના-મોટા કામકાજ માટે પાટણ સુધીના ધક્કા ખાવા પડે છે ત્યારે છેલ્લા ઘણાં સમયથી યુનિવર્સિટીની માંગ ઉઠવા પામી હતી. આ પહેલા સિવિલની માંગ હતી જોકે ખાતમુહૂર્ત થતાં ચૂંટણીમાં યુનિવર્સિટીની માંગ પ્રબળ બની છે.

આ પહેલા બાયડના ધારાસભ્ય જશુ પટલે વિધાનસભામાં યુનિવર્ટીની માંગને લઈને રજૂઆત કરી હતી, તેમ છતાં યુનિવર્સિટીની માંગ સંતોષવામાં આવી નથી, પણ હવે આ વિધાનસભાની ચૂંટણીમાં અરવલ્લી જિલ્લામાં યુનિર્સિટીનો મુદ્દો ચૂંટણી મુદ્દો બની ગયો છે.

## "ગાંધીનગર સમાચાર"નાં અહેવાલની અસર...

# ધાનેરામાં બાયો મેડિકલ વેસ્ટ જાહેરમાં ખુલ્લામાં નંખાતા જેના સમાચાર પ્રસિદ્ધ થતા ધાનેરા આરોગ્ય તંત્ર વિભાગ થયું દોડતું



ધાનેરા તા.૧૬

ધાનેરામાં અમુક હોસ્પિટલો દ્વારા બાયો મેડિકલ વેસ્ટનો કચરો ખુલ્લામાં ફેંકવામાં આવતો હોવાથી ગાયો આ કચરો ખાઈને જીવલેણ બીમારીનો ભોગ બની અંતે મોતને ભેટે છે. જયારે આજુબાજુમાં રહેતા લોકોને પણ ગંભીર બિમારીનો ભોગ બનવું પડે છે. ધાનેરાના અમુક ડોક્ટરોની બેદરકારી કારણે મેડિકલ વેસ્ટનો કચરો જાહેરમાં નંખાય છે તેનો ભોગ ગાયો બની રહી છે. ખરેખર તો આવા બેદરકારી દાખવતા હોસ્પિટલના જવાબદારો વ્યક્તિઓ સામે આરોગ્ય વિભાગના અધિકારીઓએ તેમજ નગરપાલિકા દ્વારા દંડનીય કાર્યવાહી કરવી જોઈએ એના બદલે નગરપાલિકાના સત્તાધીશો પણ આંખ આડા કાન કરી રહ્યા છે.આ બાબતે"ગાંધીનગર સમાચાર " માં અહેવાલ પ્રસિદ્ધ થતાં ધાનેરા નગરપાલિકાના કર્મચારી ચીરાગભાઈ સોલંકી અને ધાનેરા તાલુકાના આરોગ્ય અધિકારી એલ એન.સોમાણી તેમજ અર્બન હેલ્થ સેન્ટરના કર્મચારીઓની ટીમે સ્થળ ઉપર આવી બાયો મેડિકલ વેસ્ટનો કચરો જોઈ સ્થળ પર પંચનામું કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ડીસા ભાજપના ઉમેદવાર પ્રવીણભાઈ માળીએ સમર્થકો સાથે ઉમેદવારી ફોર્મ ભર્યું

## જંગી જન આશીર્વાદ સભામાં જનમેદની ઉમટી પડી

ડીસા, તા. ૧૬

વિધાનસભા ચૂંટણીનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે. ત્યારે આજે બનાસકાંઠા જિલ્લામાં ડીસા વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવારે વડીલો તેમજ મંદિરોમાં દર્શન કરી વિજયના આશીર્વાદ લીધા હતા.ત્યારબાદ રાણપુર રોડ પર આવેલા રાજશ્રી કોલ્ડ સ્ટોરેજ ખાતે જન આશિર્વાદ સભા યોજ્યા બાદ જીતના વિશ્વાસ સાથે વિજય મુહૂર્તમાં ઉમેદવારી પત્ર ભર્યું હતુ. ડીસા વિધાનસભા બેઠક પર ભારતીય જનતા પાર્ટીએ પૂર્વ ધારાસભ્ય સ્વ.ગોરધનજી ગીગાજી માળીના પુત્ર પ્રવિણભાઇ માળીને ચૂંટણી જંગમાં ઉતાર્યા છે. જેમણે આજે ઉમેદવારી પત્ર રજૂ કરતાં પહેલાં ભારતીય જનતા પાર્ટીની ભવ્ય જન આશિર્વાદ સભા યોજાઈ હતી. જેમાં ભારતીય જનતા પાર્ટીના સાંસદો, ધારાસભ્યો, ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા, ભાજપના વિવિધ અગ્રણીઓ, હોદેદારો કાર્યકરો અને સમર્થકો સાથે વિવિધ મોરચાના હોદેદારો આગેવાનો અને મહિલા મોરચાના હોદેદારો અને નગરપાલિકાના પ્રમુખ વગેરે હાજર રહ્યા હતા તથા ડીસા તાલુકાના વિવિધ ગામોના સરપંચો વગેરે હાજર રહ્યા હતા.તમામનું નાની બાળાઓ દ્વારા કુમકુમ તિલક ફુલહાર પહેરાવી પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.



રાણપુર રોડ પર આવેલા પ્રવિણભાઈ માળીના ફાર્મ ખાતે જાહેર સભા યોજાઈ હતી. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપ સરકાર દ્વારા કરાયેલા વિકાસ કામોની યશગાથા અંગે માહિતી આપવામાં આવી હતી અને કોંગ્રેસ પર આક્ષેપો કર્યા હતા.આ જન આશિર્વાદ સભા અને પ્રવિણભાઈ માળીના સમર્થનમાં પૂર્વ મંત્રી હરિભાઈ ચૌધરી, રાજસ્થાનના મંત્રી, સાંસદ દિનેશભાઈ અનાવાડીયા,સીટીગ ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા ડીસા શહેર ભાજપ પ્રમુખ? પ્રતિક પઢીયાર મહામંત્રી હકમાજી જોષી તથા રાકેશભાઈ પટેલ, ભાજપના કાર્યકરો સાથે સમર્થકો સહિત ભારતીય જનતા પાર્ટીના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતા.




SVEEP ટીમ બનાસકાંઠા દ્વારા કલેકટર કચેરી પાલનપુર ખાતે મતદાર જાગૃતિ માટે રંગોળી બનાવવામાં આવી હતી. અવસર લોકશાહીનો લોગો અને એવરી વોટ ઈઝ ઈમ્પોર્ટન્ટ સ્લોગને આકર્ષણ જમાવ્યું. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેક્ટરશ્રી આનંદ પટેલની અધ્યક્ષતામાં તેમજ નોડલ ઓફિસર સ્વીપ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી વિનુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કલેકટર કચેરી પાલનપુર ખાતે મતદારો જાગૃત થાય અને લોકશાહીના અવસરમાં જોડાઈ તેમનો પવિત્ર મત આપી સાચી લોકશાહી સ્થાપવામાં સહભાગી બને તે માટે અવસર લોકશાહીના લોગો સાથે EVERY VOTE IS IMPORTAN અને સો ટકા મતદાન કરો તેવા સ્લોગન સાથેની રંગોળી બનાવવામાં આવી હતી. જે કલેક્ટર કચેરીમાં આવતા લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી. મતદાર જાગૃતિ અંગેના તંત્રના આ પ્રયાસની લોકોએ પણ સરાહના કરી હતી.

## જલારામ સેવા ટ્રસ્ટ મેઘરજ અને જાયન્ટ્સ મોડાસા સંયુક્ત મેઢાસણ દૂધ મંડળી તેમજ

# પાલનપુર મહાદેવ મંદિરમાં નેત્ર નિદાન અને નિશુલ્ક ચશ્મા વિતરણ કેમ્પ

મોડાસા,તા. ૧૬

આ કેમ્પ જલારામ સેવા ટ્રસ્ટ મેઘરજ અને જાયન્ટ્સ મોડાસા. જીવ દયા પ્રેમી નિલેશ જોશીના સહયોગથી નેત્ર નિદાન મેઢાસણ દૂધ મંડળી અને પાલનપુર ગામ પાલનપુર મહાદેવ મંદિરમાં જરૂરિયાત મંદોને મોતીઓ ઝામર, વેલ નું નિદાન જરૂરિયાતનું ઓપરેશન, દૂર- નજીકના ચશ્મા ચેકઅપ નો કાર્યક્રમ કેમ્પ યોજવામાં આવ્યું જેમાં ૪૩૮ દર્દીઓએ પોતાની આંખો ચેકઅપ કરાવી મોતિયા માટે દર્દીઓ ને જલારામ સેવા ટ્રસ્ટ મેઘરજ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવશે જ્યારે દૂર અને નજીકના ૨૩૨ ચશ્મા રાહત દરે આપવામાં આવ્યા આંખમાં નાખવાના ટીપા અને દવાઓ જરૂરિયાતમંદ દર્દીઓને મફત આપવામાં આવી આ કાર્યક્રમમાં દૂધ મંડળીના ચેરમેન કાંતિભાઈ પટેલ મંડળીના સભ્યશ્રીઓ જાયન્ટ્સ મોડાસાના પ્રમુખ પ્રવીણ પરમાર, અશોકભાઈ ત્રિવેદી પાલનપુર મહાદેવ મહંત શ્રી સ્વામી સર્વેશ્વર દાસજી,નરેશ ભરવાડ અને તેમની ટીમ હાજર રહી સમગ્ર મિત્ર નિદાન કેમ્પનું આયોજન જલારામ ટ્રસ્ટના પી.આર.ઓ.પી બામણીયા દ્વારા કરવામાં આયું




## કોંગ્રેસના ઉમેદવારનું કોકડું હજુ ગુંચમાં

# બાયડ વિધાનસભામાં ધવલસિંહ ઝાલા અપક્ષ ઉમેદવારી નોંધાવશે કે કેમ..?? સટ્ટા બજાર ગરમ

## ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોને બાગી ઉમેદવારોનો અસંતોષ ભારે પડશે

બાયડ, તા.૧૬

બાયડ વિધાનસભા બેઠક ઉપર કોંગ્રેસે ઉમેદવાર હજુ જાહેર કર્યા નથી જેથી કોકડું વધુ ગુંચવાઈ રહ્યું છે. જ્યારે ભાજપ અને આમઆદમી પાર્ટીના ઉમેદવારોએ એકંદરે નિરસ કહી શકાય તે રીતે જૂજ કાર્યકરોની હાજરીમાં ઉમેદવારીપત્ર રજૂ કર્યું છે ત્યારે બાયડ વિધાનસભા બેઠકમાં પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા અપક્ષ ઉમેદવારી નોંધાવશે કે કેમ..?? તેને લઈને છેલ્લા ૨૪ કલાકથી સટ્ટા બજાર ગરમાયું છે. ધવલસિંહના સમર્થકોએ કોઈપણ ભોગે અપક્ષમાં પણ ઝંપલાવવું જોઈએ અને તાકાત દેખાડવી જોઈએ તેવો મત વ્યક્ત કર્યો છે. જ્યારે કોંગ્રેસ દ્વારા મહેન્દ્રસિંહ વાઘેલાને મેદાનમાં ઉતારાય તો સીટીંગ ધારાસભ્ય જશુભાઈ પટેલ કેવો મોરચો મોંડે છે તેના ઉપર સૌની મીટ મંડાઈ છે. બાયડ વિધાનસભા બેઠકની તા.૫ ડિસેમ્બરે ચૂંટણી યોજાવવાની છે. ત્યારે અત્યારથી જ વિધાનસભા બેઠકમાં આયાતી ઉમેદવાર ફાવશે કે પછી સ્થાનિક ઉમેદવાર ફાવશે..?? તેનાં કાચાં-પાકાં ગણિત માંડવાની શરૂઆત થઈ છે. કોંગ્રેસ દ્વારા મોટેભાગે વર્તમાન ધારાસભ્યને ટીકીટ આપી મેદાનમાં ઉતારતી આવી છે પરંતુ અગાઉ મોડાસાનું કોકડું ગુંચાયા પછી મોંડે મોંડે કોંગ્રેસે સીટીંગ ધારાસભ્ય રાજુસિંહ ઠાકોરને મેદાનમાં ઉતાર્યા. જ્યારે બાયડ વિધાનસભા બેઠક ઉપર પૂર્વ મુખ્ય મંત્રીના પુત્રને કોંગ્રેસ મેદાનમાં ઉતારી રહી છે તેવી જાહેરાત સાથે સીટીંગ ધારાસભ્ય જશુભાઈ પટેલ નારાજ થઈ પ્રદેશ કાર્યાલયમાં પહોંચ્યા હતા અને તેમની જીદના કારણે હજુ સુધી કોંગ્રેસને બાયડ વિધાનસભા બેઠક ઉપર ઉમેદવાર જાહેર કર્યા ન હોય તેવું કાર્યકરો બોલી રહ્યા છે. ભાજપ હોય કે કોંગ્રેસ તેમને પૂર્વ ધારાસભ્યનો આક્રોશ ડૂબાડી દેશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. જ્યારે ધવલસિંહ ઝાલાનો બાયડ વિધાનસભા મતક્ષેત્ર ઉપરનો પ્રભાવ તેમના વિરોધીઓ પણ જાહેરમાં સ્વીકારી રહ્યા છે. શિસ્તબદ્ધ ગણાતા ભાજપે તેમને ટીકીટ ન આપી પૂર્વ ધારાસભ્ય ભીખીબેન પરમારને મેદાનમાં ઉતાર્યા છતાં તેમના સમર્થકોએ બાયડ પછી કમલમમાં પણ જે રીતે શક્તિ પ્રદર્શન કર્યું તે બાયડ વિધાનસભાના ઈતિહાસમાં આજદિન સુધી કોઈ આગેવાન કે પૂર્વ ધારાસભ્ય કરી શક્યા નથી તે પણ ભૂલાવવું ન જોઈએ. આ સંજોગોમાં ધવલસિંહ ઝાલા અપક્ષમાં મેદાનમાં ઉતરે તો કોને ફાયદો થશે..?? તેના ગણિત મંડાયા છે. ધવલસિંહ ઝાલા કોઈપણ ભોગે અપક્ષ ચૂંટણી નહીં લડે તેવું ભાજપના સંનિષ્ઠ કાર્યકરો જણાવી રહ્યા છે પરંતુ તેમના સમર્થકો કંઈક બીજું જ બોલી રહ્યા છે.

# ધાનેરા સ્ટેશન રોડ પર ભાજપના ઉમેદવાર ભગવાનદાસ પટેલ દ્વારા ભાજપ કાર્યાલયનું ઉદઘાટન



ધાનેરા તા. ૧૬

ધાનેરા વિધાનસભા સીટ પર ભાજપ પક્ષ દ્વારા ધાનેરા તાલુકાના રૂણી ગામના ભગવાનભાઈ એચ. પટેલને ટિકિટ આપતા આજે ધાનેરા વિધાનસભા સીટના ઉમેદવાર ભગવાનભાઈ પટેલે ધાનેરા સ્ટેશન રોડ પર ભાજપ કાર્યાલય નું ઉદ્ઘાટન કર્યું હતું. ભાજપ કાર્યાલય ઉદ્ઘાટનમાં ભાજપના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા .તમામ લોકોને ભાજપ તરફથી મતદાન કરવા તેમજ ધાનેરા વિધાનસભા સીટ પર ભાજપનો વિજય કરવા માટે પણ ઉમેદવારે લોકોને અપીલ કરી હતી . સાથે સાથે લોકોના કામ કરવાની પણ ઉમેદવારે ખાત્રી આપી હતી.

# પાલનપુર પૂર્વ પોલીસના ગુનામાં ૩૨ વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

## વિધાનસભાની ચૂંટણી અગાઉ પોલીસની કામગીરી બની ઝડપી

પાલનપુર તા.૧૬

ભુજ બોર્ડર રેન્જ પોલીસ મહાનિરીક્ષક જે.આર.મોરથલીયા તથા બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષય રાજ ની સુચના મુજબ રાજ્યમાં વિધાન સભા ચુંટણી લગત નાસતા ફરતા આરોપી પકડવા આપેલ સુચના આપી હતી. જે અંતર્ગત ના.પો.અધિક્ષક ડૉ. જે.જે ગામીત નાયબ પોલીસ અધીક્ષક પાલનપુર વિભાગ પાલનપુરના માર્ગદર્શન હેઠળ પો.ઈન્સ. જે.પી ગોસાઈ પાલનપુર શહેર પુર્વ પો.સ્ટે. તથા પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા.

દરમ્યાન બાતમી હકીકત મળેલ કે, પાલનપુર શહેર પુર્વ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૩૨૮/૧૯૯૦ ઈ.પી.કો. ક.૧૪૭,૧૪૮,૧૪૯ ના કામે નાસતો ફરતો આરોપી અયુબખાન શમશેરખાન પઠાણ રહે. ખારાવાસ પાલનપુર વાળો છેલ્લા ૩૨ વર્ષથી નાસતો ફરતો હોય જેને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ કામગીરીમાં પાલનપુર શહેર પુર્વ પો.સ્ટેના પો.ઈન્સ. જે.પી.ગોસાઈ તથા પો.સ.ઈ આર.વી ડાભી તથા અ.હે.કો કૌશિકભાઈ, ગૌરવભાઈ, અપોકો સંકેતભાઈ, કનકસિંહ, અર્જુનસિંહ, મહિપાલભાઈ, અશોકજી વિગેરેનાઓ જોડાયેલ હતા.

# ધનસુરા ગ્રામપંચાયત સામે આવેલા ચોકમાં દાતાઓના સહયોગથી પંખીઘરનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું

ધનસુરા, તા.૧૬



ધનસુરા ગ્રામ પંચાયત સામેના ચોકમાં પંખીઘરનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું.ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચ હેમલત્તાબેન પટેલ ,ડેપ્યુટી સરપંચ કાર્તિકભાઈ પટેલ , પૂર્વ ડેપ્યુટી સરપંચ જીજ્ઞેશભાઈ તેમજ ગ્રામ પંચાયત ના સદસ્યશ્રી ઓ અને તલાટી કમ મંત્રી નીતિનભાઈ સહિત ગ્રામપંચાયત નો સ્ટાફ હાજર રહ્યો હતો. સ્વ.આકાશકુમાર વિપુલભાઈ પટેલ, સ્વ.અલ્પેશભાઈ વાડીભાઈ પટેલ,સ્વ. પાર્થ બિપિનભાઈ પટેલ, સ્વ.ભાવિનકુમાર મુકેશભાઈ પટેલ ના સ્મરણાર્થે દાતા શ્રી વિપુલભાઈ મંગળભાઈ પરિવાર, પટેલ મિત્તલબેન અલ્પેશભાઈ પરિવાર,પટેલ બિપિનભાઈ ધનાભાઈ પરિવાર,પટેલ મુકેશભાઈ મણીભાઈ પરિવાર ના સહયોગથી પંચાયત દ્વારા પંખી ઘરનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું.